ખંભીસર વરઘોડામાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલને અનુ.જાતિ સમાજ સામે

અભદ્ર ભાષા ભારે પડી : રેન્જ આઈ.જી.એ તપાસના આદેશ આપ્યા

મોડાસા, તા. ૧૬

મોડાસા તાલુકાના અનુ. જાતિના યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડના વરઘોડામાં પોલીસ રક્ષણ હોવા છતાં ગામની મહિલાઓએ જાહેરમાર્ગ પર ભજન-કીર્તન કરી વરઘોડો રોકાતા થયેલા ઘર્ષણમાં વરઘોડો અધૂરો રહ્યો હતો. વરઘોડામાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલે એકતરફી કામગીરી કરી હોવાનો અને અનુ. જાતિ સમાજના યુવકો અને મહિલાઓ સામે દાદાગીરી કરતો અને અભદ્ર ભાષા પ્રયોગ કરતા હોવાનો વિડીયો વાઈરલ થતા રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ તપાસના આદેશ આપ્યા હતા અને ફરજમાં બેદરકારી દાખવી હશે તો કડક પગલાં ભરવામાં આવશે તેમ જણાવ્યું હતું. રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલના અભદ્ર શબ્દ પ્રયોગ અંગે થયેલા વાઈરલ વિડીયો અંગે તપાસના આદેશ અરવલ્લી જિલ્લા પોલીસવડા મયુર પાટીલને સોંપતા આશ્ચર્ય સર્જાયું છે અને "ઘરના ભુવા ને ઘરના ડાકલા" જેવી નીતિ સામે દલિત સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખંભીસરના પીડિત પરિવાર, વરરાજા અને અનુ.જાતિના અગ્રણીઓએ જિલ્લા પોલીસતંત્રની કામગીરી સામે જ પ્રશ્નો ઉઠાવ્યા છે અને ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ ચાવડાની સામે ફરિયાદ નોંધવાની માંગ સાથે અડગ રહ્યા છે. ત્યારે પોલીસતંત્ર બંને મહિલા અધિકારીઓને બચાવવા મેદાને પડ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

ત્યારે રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ આપેલ તપાસના આદેશ "કુલડીમાં ગોળ ભાગવા" જેવી નીતિ અખત્યાર કરવામાં આવી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

ફાલ્ગુનીબેન પટેલે પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું હતું કે સરકાર તરફે દાખલ કરવામાં આવેલી ફરિયાદ અંગે તેઓએ જણાવ્યુ હતુ કે મંગળવારે રાત્રે આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસે કોમ્બિંગ હાથ ધર્યુ હતુ. જેમાં ભાવેશભાઈ દેવકરણભાઈ પટેલ અને હસમુખભાઈ પશાભાઈ પટેલની રાત્રે ધરપકડ કરવામાં આવી છે. બાકીના આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસની જુદી જુદી ટીમો બનાવીને અલગ અલગ વિસ્તારોમાં મોકલવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

પાલનપુરમાં તપોધન બ્રાહ્મણ સમાજના ૨૭ બટુકોએ સમૂહ યજ્ઞોપવિત ધારણ કર્યા

પાલનપુર ખાતે તપોધન બ્રાહ્મણ યુવા સંગઠન દ્વારા ૧૪ મે ૨૦૧૯ના રોજ સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સમાજના ૨૭ બટુકોને શાસ્ત્રી બાલકૃષ્ણ દવેના નેતૃત્વમાં ૧૪ પંડીતો દ્વારા વૈદીક વિધ્યાથી યજ્ઞો પવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો સહી મોટી સંખ્યામાં બ્રહ્મ સામાજના લોકો હાજર રહી બટુકોને આશિર્વાદ આપ્યા હતા. યજ્ઞો પવિત સંસ્કાર બાદ દાતાઓનો સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના મુખ્ય દાતા બાબુલાલ રાવલ, અશોકભાઈ રાવલ, સહીતના દાતાઓનું સંન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે તપોધન બ્રાહ્મણ સમાજના આગેવાન નવિનભાઈ ત્રિમેદી, ગીરીશભાઈ રાવલ, ભાવેશભાઈ રાવલ સહીત સમાજના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન તપોધન બ્રાહ્મણ યુવા સંગઠનના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

મોડાસા મામલતદાર કચેરીનાં પાણી અને શૌચાલયમાં સફાઈના અભાવે ભારે દુર્ગંધ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરી કરોડો રૂપિયાના ખર્ચે બનાવ્યા પછી કામકાજ અર્થે આવતા જીલ્લાના પ્રજાજનો માટે પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં તંત્ર નિષ્ફળ રહેતા પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. જીલ્લા સેવાસદન કચેરીમાં ભોંયતળિયે આવેલ મામલતદાર કચેરી, ઈ-ધરા અને જનસેવા કેન્દ્ર કચેરીમાં સૌથી વધુ અરજદારોની અવર-જવર રહે છે. કચેરીની બાજુમાં આવેલી પીવાના પાણીની પરબના નળમાં પાણી ન આવતું હોવાથી અરજદારોને પીવાના પાણી માટે રઝળપાટ કરવો પડી રહ્યો છે. તદઉપરાંત નજીકમાં આવેલા શૌચાલયમાં સફાઈના અભાવે અસહ્ય દુર્ગંધ મારતા અરજદારો તોબા પોકારી ઉઠ્યા છે. મામલતદાર કચેરીમાં સ્વચ્છતા અભિયાનના લીરે લીરા ઉડી રહ્યા છે.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચતા આકરી ગરમીથી પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. લોકોમાં પાણીના પોકાર પડી રહ્યા છે. લોકોની પાણીની સમસ્યાની અહીં બેઠા નિરાકરણ લાવતા અધિકારીઓની ચેમ્બર બાજુમાં જ રહેલું વોટર કુલર અને પાણીની પરબમાં પાણી ન હોવાથી "દિવા તળે અંધારું" પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી ન શકતા લોકોમાં અચરજ સાથે ગુસ્સો જોવા મળી રહ્યો છે. મામલતદાર કચેરી, ઈ-ધરા, જીલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં આવતા અરજદારો પીવાના પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે અને ઠેર ઠેર ઉભા કરાયેલા વોટરકુલર બંધ હોવાથી રૂપિયા ખર્ચી પાણી લેવું પડે છે. મામલતદાર કચેરી નજીક આવેલ શૌચાલય ગંદકીથી ખદબદતા સમગ્ર પરિસરમાં માથું ફાડી નાખે તેવી અસહ્ય દુર્ગંધથી અરજદારો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સરકારી બાબુઓ તેમની ચેમ્બરના દરવાજા બંધ રાખતા હોવાથી અરજદારોની તકલીફથી કોઈ ફર્ક પડતો ન હોવાથી અરજદારોની તકલીફ સામે દુર્લક્ષ સેવી રહ્યા છે.

સેવાસદન કચેરીમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે તો ઠંડા જગ મંગાવવામાં આવે છે પરંતુ આકરા ઉનાળામાં અરજદારોને પાણી માટે ઉભી કરવામાં આવેલી સુવિધા શોભાના ગાંઠિયા સમાન બની રહેતા પીવાના પાણી માટે ટળવળવું પડતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ તપોધન ફડી ખાતે મહાકાલી હવન યોજાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતા મધુભાઈ ડાહ્યાભાઈ રાવલના ઘરે મહાકાલી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તપોધન ફડી તથા રાવલ સમાજના ભાઈ બહેનો તથા ધર્મપ્રેમી લોકો માઈ ભકતોએ હવનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતા મધુભાઈ ડાહ્યાભાઈ રાવલ દ્વારા તેમના ઘરે શ્રી મહાકાલી માતાજીનું હવન યોજાયું હતું જેમાં હવનમાં હેમેન્દ્રભાઈ અને તેમણા ધર્મ પત્ની દક્ષાબેને લાભ લીધો હતો. તપોધન ફડી ખાતે રહેતા રહીશો તથા આજુબાજુમાં રહેતા લોકો સહિત રાવલ સમાજના ભાઈ-બહેનો દ્વારા હવનનો લાભ લઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણી આગેવાનો હર્ષદભાઈ રાવલ, શંભુભાઈ રાવલ, મહેશભાઈ રાવલ, જીતુભાઈ રાવલ, ચદુભાઈ રાવલ, દેવુભાઈ રાવલ, વિનુભાઈ રાવલ, ગૌતમભાઈ રાવલ, સહિત સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ખેડબ્રહ્મામાં ગાયોનો ત્રાસ

ખેડબ્રહ્મામાં દિન-પ્રતિદિન રખડતા પશુઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. રોજબરોજ લોકોને હડફેટે લેતા રહે છે. બુધવારના રોજ ચંગોદ ગામના ભૂરાભાઈ બાબુભાઇ બેગડીયા તેમના બે બાળકો કોમલ અને યુવરાજના અભ્યાસ માટે જરુરી દાખલા માટે મામલતદાર કચેરી આવેલ હતા. સાંજના ૫ વાગે બહાર આવી રોડ ઉપર બાઈક ઉભી રાખી હતી અને બાળકો બેસવા જતા હતા ત્યારે સામેથી એક ગાય આવી ભૂરાભાઈને શિંગડે ભરાવતા તેઓ પડી ગયા હતા અને ગાય તેમને મારવા લાગી હતી. ભૂરાભાઈએ તેના પગ પકડી લેતા પાછળના પગેથી મારવા લાગી હતી અને તેની સાથે બીજી એક ગાય પણ મારવા લાગી હતી. જે સમયે આજુબાજુથી વેપારીઓ દોડી આવી છોડાવવા જતા પણ ગાય પાછી ન પડતા લોકોએ ડંડા મારવા છતાં પણ પાછી ન ગઈ હતી અને રિતસરનો હુમલો ચાલુ રાખ્યો હતો. તેથી વેપારીઓ સહીત બીજા લોકોએ ભેગા થઈ ભૂરાભાઈને ખેંચી લેતા તેમનો બચાવ થયો હતો. ખેડબ્રહ્મામાં અવારનવાર રખડતા ઢોરનો ત્રાસ હોઈ નગરપાલિકામાં વારંવાર રજુઆત કરવા છતા નગરપાલિકા દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે.

કાંકરેજ તાલુકાના કંબોઈ ચોકડી પાસેથી એક ઘાયલ કપિરાજ મળ્યા

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજ તાલુકાના કંબોઈ ચાર રસ્તા પાસે આવેલ કેનાલ પાસે એક કપિરાજ ઈજાગ્રસ્ત જોવા મળ્યા હતા. ત્યારે કંબોઈ ગામના ગૌરક્ષક રામસિંહ અમરસિંહ સોલંકીએ વનવિભાગને જાણ કરી હતી અને તાબડતોબ વન વિભાગના આર.એફ.ઓ. એચ. બી. પટેલ, વિક્રમસિંહ વાઘેલા (વનપાલ) મમતાબેન ચૌધરી (વનરક્ષક શિહોરી) બી.એ. ઠાકોર સહિત ટીમ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પછી કપિરાજને પકડવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે ઘાયલ થયેલા કપિરાજ ચુપચાપ ગાડીમાં બેસી ગયા હતા અને પછી શિહોરી રેન્જ ફોરેસ્ટની ઓફિસ ખાતે લવાયા હતા અને પછી માંડમાંડ પાંજરે પુરી ડોક્ટર પાસે સારવાર કરાવી હતી.

પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે ભંગાર ભરેલ ટ્રેલર

૧૧ કેજીના વિજ વાયરો સાથે અડી જતા ભંગાર સાથે જીવંત વિજ વાયરો નીચે પડયા

વિજ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી વિજ વાયરો હટાવી રોડ ચાલુ કર્યો

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કતપુર ટોલનાકા પાસે થી પ્રસાર થઈ રહેલ ટ્રેલર સાથે વિજ વાયરો ને અડકી જતા વિજ વાયરો ખેંચાતા વિજ વાયરો ખેંચાઈ ને નીચે રોડ વચ્ચે પડયા હતા તો ટોલ સંચાલક ની સજાગતા ને લઈને મોટી જાનહાની ટળી.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના કતપુર પાસે આવેલ ટોલનાકા પાસે થી ટુડોર કંપનીનો ભંગાર ભરીને જતુ લોડીંગ ટ્રેલર રોડ ઉપરથી પ્રસાર થઈ રહેલ ૧૧કે બી વિજ વાયરો ને અડકી જતાં વાયરો ખેંચાઈ ગયાં હતાં તો ટ્રેલર મા ભરેલ વજનદાર ભંગાર સાથે લબરી પડી ને વાયરો સાથે લોખંડ નો વીજ પોલ જમીન સાથે બેડ થઈ વાયરો રસ્તા વચ્ચે પડયા હતાં તો આ ઘટના બનતા ટોલ સંચાલક યોગેન્દ્ર પ્રસાદે તાત્કાલિક વિજકંપની માં જાણ કરી અને વીજ પ્રવાહ બંધ કરાવ્યો હતો તો રોડ ની બન્ને સાઈડમાં ટોલ માણસો ઉભા કરી રોડ બધ કરાયો હતો તો એક કિલોમીટર સુધી ટ્રાફિક જામ થયો હતો તો વિજકંપની ના અધિકારી ઓ પણ વીજ પ્રવાહ બંધ કરી તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં અને રોડ વચ્ચે પડેલ વીજવાયરો હટાવી ટ્રાફિક ખુલ્લો કર્યો હતો તો ટ્રેલર ચાલક પાસે થી

૨૪૦૦૦ નો દંડ વસુલ કર્યો હતો અને વીજ લાઈન ચાલુ કરવા ની કામગીરી હાથધરી હતી.

મોડાસાના સાકરીયા પ્રાથમિક શાળામાં ગામ લોકો સાથે બેઠક યોજી

મોડાસા, તા. ૧૬

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ખાડે ગયું છે. મોટાભાગના વિસ્તારોમાં ઠેર ઠેર ખાનગી શાળાઓનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારના બાળકો પણ અભ્યાસ માટે સરકારી પ્રાથમિક શાળાઓને છોડી ખાનગી શાળામાં પ્રવેશ મેળવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા પ્રાથમિક શાળામાં શિક્ષકોની મહેનત રંગ લાવી હોય તેમ ખાનગી શાળામાંથી સાકરીયા પ્રાથમિક શાળામાં ગામના બાળકોને અભ્યાસ માટે મુકવાનો નિર્ણય લીધો હતો.

સાકરીયા પ્રાથમિક શાળાનું મકાન ખાનગી શાળાને ટક્કર આપે તેવું નિર્માણ કરવામાં આવ્યું છે. સાકરીયા પ્રાથમિક શાળામાં ગામના અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના ખાનગી શાળામાં તેમના બાળકોને અભ્યાસ કરાવતા હોય તેવા વાલીઓ સાથે મિટિંગ યોજાઈ હતી અને સરકારી શાળામાં બાળકોને શા માટે ભણાવવા જોઈએ..? પ્રશ્ન સામે સાકરીયા પ્રાથમિક શાળામાં શાળાની અભ્યાસકીય પ્રવૃત્તિ સાથે વિવિધ સાંસ્કૃતિક અને તહેવારોની ઉજવણી અંગેનું પ્રેઝન્ટેશન વાલીઓ સમક્ષ રજુ કરવામાં આવતા ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા વાલીઓ પણ અચંબિત બન્યા હતા અને ૨૫ થી વધુ વાલીઓએ તેમના બાળકને સાકરીયા પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવાનો નિર્ણય કરી પ્રવેશ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી હતી. વાલીઓએ શાળાના શિક્ષણગણ અને અપાતી શિક્ષા અંગે વિશ્વાસ વ્યક્ત કરી પ્રશંસા કરી હતી.

બનાસકાંઠા લોકસભાની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી.જેના તમામ એવીએમ મશીનોને જગાણા ખાતે આવેલ એન્જીયરીગ કોલેજના સ્ટ્રોંગરૂમ ખાતે રાખવામાં આવ્યા છે. અપક્ષના ઉમેદવાર ભરતભાઈ ચરમટાને એવીએમ મશીનોમાં ગડબડ થવાની આશંકા થતા ઉમેદવાર દ્વારા સ્ટ્રોંગરૂમના કેમેરા મોનીટરીંગ રૂમમાં બેસવાની માંગણી કરવામાં આવી હતી. જેથી રૂમમાં બેસવા ન દેતા ભરતભાઈ ચરમટા કલેકટર કચેરી ખાતે દોડી આવ્યા હતા અને કલેક્ટર કચેરી ખાતે રજુઆત કરી કચેરીના મુખ્ય ગેટ પાસે ઘરણા કરી બેસી ગયા હતા અને જ્યા સુધી સ્ટ્રોંગરૂમના મોનીટરીંગ રૂમમાં જવા દેવામાં નહિ આવે ત્યાં સુધી ધરણા ઉપર બેસવાની ચીમકી આપી હતી.

વડગામના ફતેગઢથી મગરવાડા રોડ પર એક વર્ષ પહેલા બનાવેલા નાળાઓની હાલત બિસ્માર

માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી મોટાપાયે ગેરરીતિઓ આચરી હોવાની બુમરાડ

વડગામ, તા. ૧૬

વડગામ તાલુકાના ફતેગઢથી મગરવાડા રોડ પર એક વર્ષ પહેલા બનાવેલા નાળા ઓની હાલત બિસ્માર બની ગઈ છે અને તેમાં પણ એદરાણા અને ફતેગઢ વચ્ચે રોડ પર બનાવેલું નાળું બેસી ગયું છે. આ કામમાં અધિકારીઓ અને કોન્ટ્રાકટરની મીલીભગતથી મોટી ગેરરીતિ આચરી હોવાની રાવ ઉઠવા પામી છે. વાહનચાલકોમાં પણ રોડની બિસ્માર હાલતથી અકસ્માત થવાની ભિતીઓ સેવાઈ રહી છે.

ફતેગઢથી છેક મગરવાડા સુધીનો રોડ સ્ટેટના માર્ગ અને મકાન વિભાગ હસ્તક આવતો હોય સ્ટેટના સત્તાધીશો રોડ ઉપર અલગ અલગ જગ્યાએ વિવિધ પ્રકારના આવેલું એક નાળું બેસી ગયું છે. આ અંગે આ રોડ પરથી દરરોજ પસાર થતા એક વાહનના ચાલક જણાવ્યું હતું કે આ રોડ પર થોડા સમય પહેલા નાળા બનાવવામાં કેટલાક નાળા બનાવવામાં આવ્યા છે. પણ આ નાળાના કામમાં માર્ગ અને મકાન વિભાગના

અધિકારીઓ અને કોન્ટ્રાકટરે મળીને મટીરીયલથી લઈ કામમાં મોટાપાયે ગેરરીતિ આચરી હોવાની ફરીયાદો આમ જનતામાં થઈ રહી છે. ફતેગઢ અને એદરાણાના વચ્ચે આવ્યા છે. પણ કેટલાક નાળા રોડથી ઊંચા છે તો કેટલાક ખાડા જેવા છે અને આ નાળાના કામમાં કોન્ટ્રાક્ટરે મોટી ગેરરીતિ આચરી છે. આ અંગે વિજીલન્સ દ્વારા તપાસ હાથ ધરીને કસુરવાર કોન્ટ્રાકટર અને માર્ગ મકાનના જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરીને ગેરરીતી આચરેલા રૂપિયાની રિકવરી કરવી જોઈએ અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા જોઈએ તેવી આ વિસ્તારના લોકોમાંથી પ્રબળ માંગ ઉઠી છે.

પ્રાંતિજ ખાતે ડોક્ટર પ્રવીણભાઈ તોગડિયાએ લગ્ન પ્રસંગમાં હાજરી આપી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદના અધ્યક્ષ ડાંકટર પ્રવિણભાઈ તોગડીયાએ લગ્ન પ્રસંગ યોજાયેલ ભોજન સમારંભમાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ખાતે તા.૧૫-૫-૨૦૧૯ને બુધવારના રોજ પ્રાંતિજ ખાતે રહેતા નટુભાઈ રામજીભાઈ બારોટના પુત્ર ઉદીપના લગ્ન પ્રસંગના ભોજન સમારંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડાંકટર પ્રવીણભાઈ તોગડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નટુભાઈ પરિવાર દ્વારા તેઓનું વાજતે-ગાજતે માથે સાફો પહેરાવીને ફુલહાર પહેરાવીને સ્વાગત કરવામાં

આવ્યું હતું. ડાંકટર પ્રવિણભાઈ તોગડીયા દ્વારા શ્રી રાંદલ મહાકાલી માતાજીના મંદિરમાં દર્શન કરી પૌરાણિક વાવના દર્શન કર્યા હતા. આ પ્રસંગે મહંત ડોક્ટર ગૌરાંગશરણ દેવાચારીય, મહંત સુનીલદાસજી મહારાજ, ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ડોક્ટર કૌશિકભાઈ પટેલ, માલાબેન રાવલ, સાબરકાંઠા લોકસભાના ઉમેદવાર જયંતીભાઈ પટેલ, અલ્પેશભાઈ રાવલ સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

મેલેરીયાના રોગચાળાને નાથવા પાટણ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગોતરૂ આયોજન

પાટણ, તા. ૧૬

આગામી વરસાદની ઋતુમાં મચ્છરજન્ય રોગો ન ફેલાય તે માટે પાટણ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજ્યને મેલેરીયા મુક્ત કરવાની ઝુંબેશના ભાગરૂપે ઘનિષ્ટ સર્વેલન્સ, પોરાનાશક કામગીરી તથા દવાઓના છંટકાવ દ્વારા મેલેરીયા નાબુદી માટે કામગીરી કરવા આરોગ્ય તંત્ર સજ્જ બન્યું છે.

આરોગ્ય તંત્ર દ્વારા જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ મચ્છરોની ઉત્પત્તિના નિયંત્રણ માટે ઘનિષ્ઠ સર્વેલન્સ તથા પોરાનાશક કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. પાણીનો સંગ્રહ થઈ રહે તેવા પાત્રો તથા બંધીયાર પાણીમાં પોરા થાય છે જેમાંથી મચ્છરોની ઉત્પત્તિ થાય છે. તંત્ર દ્વારા ઘરમાં તથા ઘરની આસપાસ પાણી ભરાયેલુ રહે તેવા પાત્રો તથા ટાંકા વગેરેમાં ટેમીફોસ(એબેટ) દવા દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા આશા બહેનો દ્વારા સતત આ કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લામાં ૧૪ વેકટર કંટ્રોલ ટીમોના ૭૦ ફીલ્ડ વર્કરોને રોકવામાં આવનાર છે જેના દ્વારા જાહેર સ્થળો પરના ખાડા-ખાબોચીયાઓમાં બીટીઆઈ દવા/મોસ્કીટો લાર્વીસાઈડ ઓઈલ દ્વારા પોરાઓનો નાશ કરવામાં આવશે.

મેલેરીયાના કેસોમાં દિનપ્રતિદિન વધારો ન થાય તથા રોગચાળો અટકાવી શકાય તે માટે ગત વર્ષે રોગચાળા બાબતે સંવેદનશીલ હતા તેવા ૧૦૬ ગામોમાં ૨૦ મે ના રોજથી દવાના છંટકાવનો પ્રથમ રાઉન્ડ શરૂ કરી દેવામાં આવશે અને ત્યારબાદના અઢી મહિના બાદ ફરી દવાના છંટકાવનો બીજો રાઉન્ડ પણ શરૂ કરી દેવામાં આવશે.

મચ્છરજન્ય રોગોથી બચવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ગ્રામ્યકક્ષાએ આરોગ્ય શિક્ષણની શિબિરો, રેલી, જૂથ ચર્ચાઓ, પ્રદર્શન જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી છે. આવી આરોગ્યલક્ષી ઝુંબેશના ભાગરૂપે વિશ્વ મેલેરીયા દિવસ તથા રાષ્ટ્રિય ડેન્ગ્યુ દિવસ અંતર્ગત આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ તથા જુન માસ મેલેરીયા વિરોધી માસ અને જુલાઈ માસ ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવી મચ્છરજન્ય રોગોથી બચવા આરોગ્ય શિક્ષણ પુરૂ પાડવા ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

મેલેરીયા મુક્ત ગુજરાત ૨૦૨૨ અનુસંધાને પાટણ જિલ્લામાં મેલેરીયાના કેસોમાં વર્ષ ૨૦૧૮માં વર્ષ ૨૦૧૭ની સરખામણીએ ૩૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જિલ્લા આરોગ્યતંત્રની ઉત્કૃષ્ઠ કામગીરીના પગલે ચાલુ વર્ષે એપ્રિલ ૨૦૧૮ અંતિત ૭૪ મેલેરીયા કેસોની સામે ૮૧ ટકાના ઘટાડા સાથે વર્ષ ૧૯માં ફક્ત ૧૪ કેસ નોંધાયા છે.